પરિયોજનાની તૈયારી માટે ગુજરાત
શહેરી વિકાસ મિશનને સહાય( GUDM)

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક: જનમ - ૧૧૦૮ - ૮૬૧ - ધ
સચિવાલય, ગાંધીનગર
તા. ૫ /૫/ ૨૦૦૮

વંચાણે લીધા:

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક:અપબ/૧૨૦૮/૮૪૬/બ
(૨)નાણા વિભાગના સચિવાલય ગાંધીનગરના તા. ૬/૧૨/૦૩ના ઠરાવ ક્રમાંક:-તજર/૨૦૦૩/૭૦૮/ઝ

પ્રસ્તાવના:

જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JnNURM) કેન્દ્ર સરકારે જાહેર કરેલ છે. જેનું અમલીકરણ કરવા રાજ્યસ્તરે ગુજરાત શહેરી વિકાસ મિશન ( GUDM ) ની રચના કરવામાં આવેલ છે. આ યોજના નાં અમલીકરણ માટે GUDMએ અહેવાલ તૈયાર કરવાના હોય છે, આ ઉપરાંત ગુજરાત સરકારનાં વિવિધ શહેરીવિકાસ ની યોજનાઓ અંગે પણ GUDM કાર્યવાહી કરે છે.

ગુજરાત શહેરી વિકાસ મિશન એ શહેરી વિકાસ ની બાબતો ધ્યાનમાં રાખીને તથા શહેરી વિકાસ માટેની જરૂરીયાતો ધ્યાને લઇને યોજના અહેવાલો તૈયાર કરવાનાં હોય છે. યોજના અહેવાલ તૈયાર કરવા માટે વિવિધ વિસ્તારોની મોજણી તથા જે વિસ્તાર માં શહેરીવિકાસ ની યોજના તૈયાર કરવાની હોય તેનાં અંદાજો સહીત નો યોજના અહેવાલ તૈયાર કરવાનો હોય છે. કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના માં ( DPR ) વિગતવાર યોજના અહેવાલ કેન્દ્ર સરકાર દ્વારા નિયત થયેલ માર્ગદર્શીકા મુજબ તૈયાર કરવો ફરજીયાત હોય છે.

આ કામગીરી માટે ગુજરાત શહેરી વિકાસ મિશનએ (Expert Agency)નીષ્ણાંત એજન્સીઓ ની સેવાઓ લીધેલ છે. હવે પછી રજુ થનાર તથા હાલમાં ગુજરાત શહેરી વિકાસ મિશનએ શહેરીવિકાસને લગતી ૨૨૩ યોજનાઓ, પર કામગીરી કરી રહેલ છે. જેમાં IHSDP ની ૫૬ યોજનાઓ UIDSSMT હેઠળ ૧૨૭ પ્રોજેકટો, અને લગભગ ૪૦ સીટી ડેવલપમેન્ટ પ્લાન પર કામગીરી કરી રહેલ છે.

ઠરાવ

ગુજરાત શહેરી વિકાસ મિશનની ઉપર દર્શાવેલી કામગીરી માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂ. 30.00 કરોડ (અંકે રૂપીયા ત્રીસ કરોડ પુરા ) ની જોગવાઇ કરવામાં આવેલ છે.આ અંગે વિભાગની ફાઇલ ક્રમાંક બજટ ૧૦૨૦૦૭ /૩૯૬૭/ ધ ઉપર નાણાવિભાગનીતા. ૧૯/૪/૨૦૦૮ની નોંધથી વહીવટી મંજૂરી મળેલ છે. ગુજરાત શહેરી વિકાસ મિશનની ઉપર દર્શાવેલી કામગીરી માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂ. 30.00 કરોડ (અંકે રૂપીયા ત્રીસ કરોડ પુરા ) ની જોગવાઇ પૈકી રૂ.એક કરોડની ફાળવણી કરી GUDMને હવાલે મુકવાનું ઠરવવામાં આવેલ છે..

૪. આ અંગેનું બિલ આ વિભાગના સંદર્ભ(૧) ના ઠરાવથી નક્કી થયા મુજબ વિભાગના કેશ સેકશન દ્વારા બોમ્બે ટ્રેઝરી રૂલ્સ પ્રમાણે બિલ બનાવી તેમની સહીથી આ ઠરાવના નંબર અને તારીખ ટાંકી નાયબ સચિવશ્રી(પ્રોજેકટ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર મેળવી તિજોરીમાંથી અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી **ગુજરાત શહેરી વિકાસ મિશન ગાંધીનગર**ના નામનો ચેક મેળવી, અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી **ગુજરાત શહેરી વિકાસ મિશન** ગાંધીનગરને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે. આ કામગીરીમાં વિભાગના બિલ મંજુર થઇ ચેક મળે ત્યાં સુધી ટ્રેઝરી સાથે પરામર્શમાં મદદરૂપ થવા માટે, **ગુજરાત શહેરી વિકાસ મિશન** ગાંધીનગરે પણ કાર્યવાહી કરવાની રહેશે.

૫. આ અંગે થનાર ખર્ચ માંગણી નંબર-૧૦૨, મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ- ૦૩ નાના અને મધ્યમ નગરોનો સંકલીત વિકાસ -૧૯૧-સ્થાનિક સંસ્થાઓ ,નિગમો, શહેર વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ,પેટા સદર-૪૯,યુડીપી-૫૦, પરિયોજનાની તૈયારી માટે ગુજરાત શહેરી વિકાસ મિશનને સહાય, (ચાર્જેબલ હેડ નંબર-૨૨૧૭-૦૩- ૧૯૧) ના સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળની ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૦૮-૦૯ ની જોગવાઇમાંથી મેળવાશે (કોમ્પ્યુટર કોડ-૧૬૭૩૬૦)

આ અંગે કરવામાં આવનાર ખર્ચની વિગતવાર માહિતી નિયમિત રીતે મોકલવાનો પ્રબંધ કરવા પણ ઠરાવવામાં આવેલ છે..

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વી.સી.વિનોદ )
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ,

- ઉપસચિવશ્રી (રોકડ) શ.વિ.અને શ.ગૃ.નિ.વિ.સચિવાલય, ગાંધીનગર તરફ જરૂરી બિલ બનાવી સંબંધિત ગ્રાન્ટનો ચેક ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીને આપવાનો રહેશે.
- અમેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડ, ગાંધીનગર
- નાણા વિભાગ, ઝ-શાખા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજય,રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર તરફ જાણ તેમજ રૂરી કાર્યવાહી અર્થે